કેસ દાખલ કર્યા તા: ૧૮–૧૦–૨૦૨૧
કેસ રજી. લીધાં તા: ૧૮–૧૦–૨૦૨૧
ઠરાવ જાહેર કર્યા તા: ૦૬–૦૫–૨૦૨૩
અવધિ: વર્ષ–૦૦, માસ–૦૬, દિવસ–૧૮

**ભાણવડના જ્યુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુ. ભાણવડ.**

**ફોજદારી કેસ નં.૧૦૨૧/૨૦૨૨**
આંક–

શ્રી સરકાર,
ભા.પો.ગુ.ર.નં.૧૧૧૮૫૦૦૧૨૨૦૬૯૪/૨૦૨૨ .........................*ફરીયાદી.*

**વિ રૂ ઘ્ધ ::–**

૧. કિરણભાઈ દેવાણંદભાઈ ગોજીયા,
રહે. ટીંબડી સીમ વાડી શાળાની બાજુમાં તા. ભાણવડ
૨. અરવિંદભાઈ પાલાભાઈ ખાવડુ,
રહે. ટીંબડી ગામ પ્લોટ વિસ્તાર તા. ભાણવડ
૩. વિશાલભાઈ દિનેશભાઈ ગૌસ્વામી,
રહે. ભાણવડ વાછરાડાડા ચોકની બાજુમાં તા. ભાણવડ
૪. ખીમાભાઈ રામાભાઈ સાદીયા,
રહે. ટીંબડી ગામની સીમ ગોવીંદભાઈ મેરામણભાઈની વાડીમાં તા. ભાણવડ
૫. કમલેશભાઈ રમણીકભાઈ ગૌસ્વામી,
રહે. ભાણવડ સીધ્ધી વિનાયક–૨ તા. ભાણવડ
૬. સંજયભાઈ લખુભાઈ સાદીયા,
રહે. ટીંબડી ગામ સોસાયટીમાં તા. ભાણવડ .........................*આરોપીઓ.*

---

શ્રી સ ર કા ર તરફે ::– વિ.એ.પી.પી. શ્રી એચ.આર. અંબાસણા
આરોપીઓ તરફે ::– વિ.વ.શ્રી બી.આર.મોરી

---

ગુનો:– જુગાર ધારા કલમ–૪,૫ મુજબ.

---

**–:: ઠ રા વ ::–**

(૧) સદર કામે ફરીયાદ પક્ષના કેસની ટુંક હકીકત વંચાણે લઈએ તો, ગઈ તા. ૧૪–૦૮–૨૦૨૨ના રોજ કલાક–૦૧:૪૫ વાગ્યે ટીંબડી વાડી શાળાની બાજુમાં આ કામના આરોપી નં. ૧ નાઓએ પોતાના કબજા ભોગવટાની વાડીમાં પોતાના અંગત ફાયદા સારૂ આરોપી નં. ૨ થી

૬ વાળાઓને ભેગા કરી, ગંજીપતાના પાના પૈસા વડે તીનપતી રોન નામનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી નાલ ઉઘરાવી, જુગારનો અખાડો ચલાવી, રેઈડ દરમ્યાન છ એચ ઈસ્મો પાસેથી કુલ રોકડ રૂા. ૭૧,૮૦૦/–તથા ગંજીપતાના પાના નં. પર કિ.રૂા. ૦૦/૦૦– તથા કેટ–ર કિ.રૂા. ૦૦/૦૦– તેમજ લાઈટ બીલ કિ.રૂા. ૦૦/૦૦– તથા મોબાઈલ ફોન નં.પ કિ.રૂા. ૩૫,૫૦૦/– તથા મો.સા. નં. ર કિ.રૂા. ૩૦,૦૦૦/– મળી કુલ મુદામાલ કિ.રૂા. ૧,૦૭,૩૦૦/–ના મુદામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૪, ૫ મુજબનો ગુનો કરતા આ કામના ફરિયાદીએ ફરિયાદ કરતા આરોપીઓ વિરૂધ્ધ પુરતા પુરાવાઓ મળી આવવાથી હાલના ગુનાનું ચાર્જશીટ કરવામાં આવેલ છે.

(૨) આરોપીઓ હાજર થતાં તેને પોલીસ પેપર્સના કાગળોની નકલો સી.આર.પી.સી. કલમ–૨૦૭ મુજબ આપવામાં આવેલ અને આરોપીઓને ગુના અંગે પુછતા આરોપીઓએ ગુનો ઈન્કાર કરતાં મારા પુરોગામી ન્યાયાધીશશ્રી દ્વારા સદરહુ આરોપીઓની આં ક–૧૬ થી ૨૧ સુધી પ્લી નોંધવામા આવેલ તેમા આરોપીઓએ ગુનાનો ઈન્કાર કરતા કેસ કાર્યવાહી આગળ ચલાવવાનો હુકમ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે ફરીયાદ પક્ષના પુરાવા નોં ધવામાં આવેલ છે.

(૩) ફરીયાદ પક્ષે આ કામે નીચે મુજબનો પુરાવો રજુ થયેલ છે.

**<u>મૌખિક પુરાવો:–</u>**

| અનુ.નં. | આંક | સાહેદનુ નામ | વિગત |
|---|---|---|---|
| (૧) | ૨૩ | મામદભાઈ હાસમભાઈ ઘુઘા | પંચ સાહેદ |
| (૨) | ૨૭ | હુશેનભાઈ જુમાભાઈ ઘુઘા | પંચ સાહેદ |
| (૩) | ૨૯ | જીતુભાઈ મેરામણભાઈ હુણ | ફરીયાદી |
| (૪) | ૩૩ | સંજયકુમાર વેજાભાઈ ગળચર | પોલીસ સાહેદ |
| (૫) | ૩૬ | ચિરાગસિંહ ભીખુભા જાડેજા | ત.ક.અમલદાર |

**દસ્તાવેજી પુરાવો :–**

| અનુ.નં. | આંક | દસ્તાવેજની વિગત |
|---|---|---|
| (૧) | ૨૪ | આરોપીઓને મુદ્દામાલ સાથે અટક કર્યાનું પંચનામુ |

| | | |
|---|---|---|
| (૨) | ૨૫ | જુગાર ધારા કલમ–૬ મુબજનું વોરંટ |
| (૩) | ૨૬ | લાઈટ બીલ |
| (૪) | ૩૦ | ફરીયાદ |
| (૫) | ૩૪ | ગુના રજી. રીપોર્ટ |

(૪) આ કામે ફરીયાદપક્ષનો પુરાવો પુરો થયા બાદ આરોપીઓનુ કિ.પ્રો. કો.કલમ–૩૧૩ હેઠળ વિશેષ નિવેદન લેવામાં આવેલ છે, જેમાં આરોપીઓએ જણાવેલ છે કે, ફરીયાદપક્ષનો પુરાવો ખોટો છે અને વિશેષમાં જણાવેલ છે કે, તેઓ નિર્દોષ છે તેમજ આ કામે કબ્જે કરેલ મુદ્દામાલ રોકડ રકમ અંગે કાંઈ જાણતા નથી તેવુ જણાવેલ છે. ત્યારબાદ આ કામે બંને પક્ષોની દલીલો સાંભળવામાં આવેલી છે.

(૫) ઉપરોકત વિગતે પુરાવો પુરો થયા બાદ આ કામના આખરી નિર્ણય માટે મારા સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયેલા છે.

| | |
|---|---|
| (૧) | શું ફરીયાદપક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, ગઈ તા. ૧૪–૦૮–૨૦૨૨ના રોજ કલાક–૦૧:૪૫ વાગ્યે ટીંબડી વાડી શાળાની બાજુમાં આ કામના આરોપી નં. ૧ નાઓએ પોતાના કબજા ભોગવટાની વાડીમાં પોતાના અંગત ફાયદા સારૂ આરોપી નં. ૨ થી ૬ વાળાઓને ભેગા કરી, ગંજીપતાના પાના પૈસા વડે તીનપતી રોન નામનો પૈસાની હારજીતનો જુગાર રમી રમાડી નાલ ઉઘરાવી, જુગારનો અખાડો ચલાવી, રેઈડ દરમ્યાન છ એચ ઈસ્મો પાસેથી કુલ રોકડ રૂા. ૪૧,૮૦૦/–તથા ગંજીપતાના પાના નં. ૫૨ કિ.રૂા. ૦૦/૦૦– તથા કેટ–૨ કિ.રૂા. ૦૦/૦૦– તેમજ લાઈટ બીલ કિ.રૂા. ૦૦/૦૦– તથા મોબાઈલ ફોન નં.૫ કિ.રૂા. ૩૫,૫૦૦/– તથા મો.સા. નં . ૨ કિ.રૂા. ૩૦,૦૦૦/– મળી કુલ મુદામાલ કિ.રૂા. ૧,૦૭,૩૦૦/–ના મુદામાલ સાથે પકડાઈ જઈ જુગાર ધારાની કલમ–૪, ૫ મુજબનો ગુનો કરેલ છે? |
| (૨) | શું હુકમ? |

(૬) ઉપરોકત મુદ્દાઓ અંગેના ન્યાયીક નિર્ણય નીચે મુજબ છે.

(૧) નકારમાં,

(૨) આખરી હુકમ મુજબ.

**-:: કા ર ણો ::-**

**મુદ્દા નંબર :૧:**

(૭) આ કામે ફરીયાદપક્ષે આરોપીઓ સામેનો કેસ પુરવાર કરવા માટે ફરીયાદપક્ષે રજુ થયેલ દસ્તાવેજી તથા મૌખિક પુરાવો વંચાણે લેતાં, આ કામે પંચસાહેદ મામદભાઈ હાસમભાઈ ઘુઘાને આંક-૨૩ થી તથા પંચ સાહેદ હુશેનભાઈ જુમાભાઈ ઘુઘાને આંક-૨૭ થી સોગંદ ઉપર તપાસેલ છે. આ બંને પંચસાહેદોએ આંક-૨૪ ના આરોપીઓને મુદ્દામાલ સાથે અટક કર્યાના પંચનામામાં તથા આંક-૨૫ ના જુગાર ધારા કલમ-૬ મુજબના વોરંટમાં અને આંક-૨૬ વાળા લાઈટ બીલમાં તેઓની સહી ઓળખી બતાવેલ છે. આ પંચસાહેદોને વિ.એ.પી.પી.શ્રી દ્વારા ફરી ગયેલા જાહેર કરી ઉલટતપાસ કરવા છતાં તેઓએ પંચનામાની હકીકતોને લેશમાત્ર સમર્થન આપેલ નથી.

જયારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં તેઓએ એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, મે સહી કર્યા સીવાય બીજું કાંઈ જણતા નથી.

(૮) આ કામે ફરીયાદી જીતુભાઈ મેરામણભાઈ હુણ ને આંક-૨૯ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક-૩૦ થી અસલ ફરીયાદ રજુ રાખેલ છે.

સદર ફરીયાદીએ આરોપીઓ તરફેની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તા.૧૩/૦૮/૨૦૨૨ ના રોજ પેટ્રોલિંગમાં હોવા અંગેના કોઈ સાધનીક કાગળ આ કામે રજુ કરેલ નથી અને પ્રાથમીક પંચનામુ કેટલા વાગયે શરૂ કરેલુ તે પંચનામામાં લખેલુ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, રેઈડવાળુ પંચનામુ કેટલા વાગયે શરૂ કરેલુ તે પંચનામામાં લખેલુ નથી અને વોરંટમાં પંચોની સહી કયા કારણોસર લીધેલ છે તે અંગેનો કોઈ ઉલ્લેખ લીધેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, વોરંટ પર પંચોની સહી કઈ તારીખે અને કેટલા વાગ્યે મેળવેલી તેનો કોઈ ઉલ્લેખ નથી અને મારી ફરીયાદમાં બનાવવાળી જગ્યાની ચતુ:દિશા જણાવેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, મારી

ફરીયાદમાં કયા માણસે કેટલી હારજીત કરેલી તેનો કોઈ ઉલ્લેખ નથી, મે જુ.ધા.કલમ–૬ મુજબનું વોરંટ રેઈડ વાળા દિવસે જોયેલું અને તે વોરંટમાં ઈશ્યુ કરનાર અધિકારીના હોદાનું રાઉન્ડ સીલ મારેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, પંચનામું ટાઈપ કરેલ છે અને પં ચનામાની પ્રિન્ટ પો.સ્ટે. આવીને કાઢેલી છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, મે મારી ફરીયાદમાં પ્રિન્ટર કે લેપટોપ સાથે હતું તે દર્શાવતો કોઈ આધાર સામેલ રાખેલ નથી. જયારે આ સીવાયની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૯) વધુમાં આ કામે સાહેદ સંજયકુમાર વેજાભાઈ ગળચર ને આંક–૩૪ થી સોગંદ ઉપર તપાસેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે અને તેઓની જુબાની દરમ્યાન આંક–૩૪ થી ગુનો રજી રીપોર્ટ રજુ રાખેલ છે.

સદર સાહેદે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં એ હકીકતોનો સ્વીકાર કરેલ છે કે, તા.૧૩/૦૮/૨૦૨૨ ના રોજ પેટ્રોલિંગમાં હોવા અંગેના કોઈ સાધનીક કાગળ આ કામે રજુ કરેલ નથી અને પ્રાથમીક પંચનામુ કેટલા વાગયે શરૂ કરેલુ તે પંચનામામાં લખેલુ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, રેઈડવાળુ પંચનામુ કેટલા વાગયે શરૂ કરેલુ તે પં ચનામામાં લખેલુ નથી અને વોરંટમાં પંચોની સહી કયા કારણોસર લીધેલ છે તે અંગેનો કોઈ ઉલ્લ ેખ લીધેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, વોરંટ પર પંચોની સહી કઈ તારીખે અને કેટલા વાગ્યે મેળવેલી તેનો કોઈ ઉલ્લેખ નથી અને મારી રૂબરૂની ફરીયાદમાં બનાવવાળી જગ્યાની ચતુ:દિશા જણાવેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, મારી રૂબરૂની ફરીયાદમાં કયા માણસે કેટલી હારજીત કરેલી તેનો કોઈ ઉલ્લેખ નથી અને વોરં ટમાં ઈશ્યુ કરનાર અધિકારીના હોદાનું રાઉન્ડ સીલ મારેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, પંચનામું ટાઈપ કરેલ છે અને પંચનામાની પ્રિન્ટ પો.સ્ટે. આવીને કાઢેલી છે. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, મારા રૂબરૂની ફરીયાદમાં પ્રિન્ટર કે લ ેપટોપ સાથે હતું તે દર્શાવતો કોઈ આધાર સામેલ રાખેલ નથી અને લાઈટ બીલ કબજે કરેલ છે તે વ્યકિતને આરોપી તરીકે દર્શાવેલ નથી. જયારે આ સીવાયની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૦) આખરમાં આ કામની ગુનાની તપાસ કરનાર ત.ક.અમલદાર ચિરાગસિંહ ભીખુભા

જાડેજા ને આંક–૩૬ થી તપાસવામાં આવેલ છે. તેઓએ પોતાની સરતપાસમાં ફરીયાદીની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો આપેલ છે.

સદર સાહેદે આરોપી તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે,આ ગુનાના તપાસના કામે કયાંય બહાર તપાસમાં ગયેલ હોય તેવો આધાર આ કામે રજુ રાખેલ નથી અને બનાવવાળો વિસ્તાર વાડી વિસ્તાર છે. જેના ૭/૧૨ અને ૮–અ રજુ રાખેલ નથી કે રેવેન્યુ તલાટી પાસેથી કોઈ દાખલો રજુ રાખેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, જુગાર ધારા કલમ–૬ મુજબના વોરંટ બાબતે ઈસ્યુ કરનારનું મે કોઈ નિવેદન લીધેલ નથી કે અધિકારીના હોદાનો કોઈ સિકકો મારેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, આ કામે પો.સ.ઈ. એચ.વી. ગળચરનું કોઈ નિવેદન લીધેલ નથી અને આ કામે કોઈ સ્વતં ત્ર સાહેદોના નિવેદન પણ મેળવેલ નથી. વધુમાં તેઓએ એ હકીકતનો પણ સ્વીકાર કરેલ છે કે, હાલના સમયે વ્યકિત પાસે મોબાઈલ ફોન તેમજ રોકડ રકમ હોય છે અને બનાવવાળા વિસ્તારની આજુબાજુમાં વાડી વિસ્તાર આવેલ છે જયાં લોકો રહે છે અને તપાસ મને સુપ્રત થઈ તે અંગેના કોઈ સાધનીક પુરાવા રજુ રાખેલ નથી. જયારે આ સીવાયની તમામ હકીકતનો ઈન્કાર કરેલ છે.

(૧૧) આમ, આ કામે ફરીયાદપક્ષે રજુ થયેલ સમગ્ર પુરાવો જોતાં આ કામના બંને સ્વતંત્ર પંચસાહેદો તેમની જુબાનીમાં પંચનામાની હકીકતને સમર્થન પુરુ પાડેલ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલ ફરીયાદીએ પોતાની ફરીયાદ હકીકતને સમર્થનકારી પુરાવો રજુ રાખેલ છે. જયારે ફરીયાદી એ આરોપીઓ તરફેની ઉલટતપાસમાં કબુલ રાખે છે કે, મારી ફરીયાદમાં બનાવવાળી જગ્યાની ચતુ:દિશા જણાવેલ નથી ત્યારે જે રેઈડ વાળી જગ્યાનો માલીકીનો આધાર કોઈ પણ સરકારી કે અર્ધસરકારી કચેરી માંથી મેળવીને રજુ કરી શકાયો હોત તેમ છતાં આવો કોઈ આધાર પુરાવો આ કામે તેઓ ધ્વારા રજુ રાખવામાં આવેલ નથી. જેથી રેઈડવાળી જગ્યા આરોપી નં .૧ ની માલિકીની હતી તેવુ ફરીયાદપક્ષ યોગ્ય રીતે પુરવાર કરી શકેલ નથી. વધુમાં આ કામના ત.ક.અમલદારે આરોપીઓ તરફેની ઉલટતપાસમાં એ હકીકતનો સ્વીકાર કરેલ છે કે, બનાવવાળો વિસ્તાર વાડી વિસ્તાર છે કે જયાં આજુબાજુમાં લોકો રહે છે, બનાવવાળા વિસ્તારના ૭/૧૨ તથા ૮–અ રજુ રાખેલ નથી કે રેવેન્યુ તલાટી પાસેથી કોઈ દાખલો રજુ રાખેલ નથી અને મે આ કામે કોઈ સ્વતંત્ર સાહેદોના નિવેદન નોંધલ નથી ત્યારે સદરહું ગુનાનો સમય ધ્યાને લેતા

ગુનાવાળી જગ્યાએ જો પોલીસ રેઈડ કરવામાં આવેલ હોય તો આજુબાજુના માણસો સ્વાભાવીક રીતે સાહેદ તરીકે મળી આવે પરંતુ ત.ક.અમલદારે તેવા કોઈ સાહેદોના નિવેદનો પોતાની તપાસ દરમ્યાન નોંધેલા નથી માત્ર ને માત્ર તેઓએ રેઈડ કરનાર અધિકારીના નિવેદનો જ નોંધેલા છે અને રેઈડ કરનાર તમામ અધિકારી પોલીસ અધિકારી છે અને રસ ધરાવતા સાહેદો છે. આમ, સ્વતંત્ર સાહેદોની જુબાનીના અભાવે માત્ર રસ ધરાવતા સાહેદોની જુબાનીના આધારે આ કામના આરોપીઓને તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી. આમ, સદરહુ કામે ઉપરોકત તમામ પુરાવો જોતાં ફરીયાદપક્ષ આરોપીઓ વિરૂધ્ધનો ગુનો પુરવાર કરવામાં સફળ બનેલ હોય, તેમ જણાય આવતુ નથી. જેથી આરોપીઓને ગુનાના કામે સાંકળતો કોઈ વિશ્વશનીય પુરાવો ફરીયાદપક્ષે રજુ રાખેલ નથી, તેવા સંજોગોમાં ફરીયાદપક્ષ આરોપીઓ સામેનો તેમનો કેસ નિ:શં કપણે પુરવાર કરી શકતાં ન હોય તેથી મુદ્દા નં.૧ નો નિર્ણય નકારમાં આપું છું અને મુદ્દા નં.૨ અં ગે નીચે મુજબનો અંતિમ હુકમ કરવામાં આવે છે.

**<u>-:: હુ ક મ ::-</u>**

૧. આ કામનાં આરોપીઓ ૧. કિરણભાઈ દેવાણંદભાઈ ગોજીયા, રહે. ટીંબડી સીમ વાડી શાળાની બાજુમાં તા. ભાણવડ ર. અરવિંદભાઈ પાલાભાઈ ખાવડુ, રહે. ટીંબડી ગામ પ્લોટ વિસ્તાર તા. ભાણવડ, ૩. વિશાલભાઈ દિનેશભાઈ ગૌસ્વામી, રહે. ભાણવડ વાછરાડાડા ચોકની બાજુમાં તા. ભાણવડ ૪.ખીમાભાઈ રામાભાઈ સાદીયા, રહે. ટીંબડી ગામની સીમ ગોવીંદભાઈ મેરામણભાઈની વાડીમાં તા. ભાણવડ ૫.કમલેશભાઈ રમણીકભાઈ ગૌસ્વામી, રહે. ભાણવડ સીધ્ધી વિનાયક-ર તા. ભાણવડ, ૬. સંજયભાઈ લખુભાઈ સાદીયા, રહે. ટીંબડી ગામ સોસાયટીમાં તા. ભાણવડ વાળાઓને ક્રિમીનલ પ્રોસીઝર કોડની કલમ-૨૫૫ (૧) અન્વયે જુગાર ધારા કલમ-૪,૫ મુજબના શિક્ષાને પાત્ર ગુન્હા માંથી પુરતા પુરાવાના અભાવે નિર્દોષ ઠરાવી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

૨. સદરહુ કામે જુગારની રેઈડ દરમ્યાન કબ્જે કરાયેલ રોકડ રકમનો અપીલ સમય વિત્યાબાદ થી સરકારશ્રી ખાતે ખાલસા કરવાનો હુકમ કરવામાં આવે છે.

વધુમાં સદર કામે કબ્જે કરવામાં આવેલ બિન કિંમતી મુદામાલ નો અપીલ સમય વિત્યા બાદ નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૩. સદર કામે ચલણી નોટો સીવાયનો મુદામાલ જેવો કે મોબાઈલ / વાહન પરત સોંપવા અંગે અગાઉ જો વચ્ચગાળાનો હુકમ કરવામાં આવેલ હોય તો તે અંગેનો હુકમ કાયમ કરવામાં આવે છે, અન્યથા જો તેઓ કોઈ વચ્ચગાળાનો હુકમ થયેલ ન હોય તો અપીલ સમય બાદ ક્રિ.પ્રો. કોડની કલમ–૪૫૨ અન્વયે જરૂરી ઈન્કવાયરી કરી પોલીસ સ્ટેશનનાં ઈન્ચાર્જ અધિકારીએ માંગણી કરનાર અરજદારની માલીકીની ખરાઈકરી સદરહુ મુદામાલ સોપવાનો હુકમ કરવમાં આવે છે.

૪. આરોપીઓના રેગ્યુલર જામીન તથા જામીનખત આથી રદ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૫. આરોપીઓએ ક્રિમીનલ પ્રોસીજર કોડની કલમ–૪૩૭–એ મુજબના રૂા.૫,૦૦૦/– નાં જામીન ત્થા જાતમુચરકા રજુ રાખેલ છે.

ચુકાદો આજરોજ તા. ૦૬ મી માહે મે સને ૨૦૨૩ના રોજ ખુલ્લી અદાલતમાં વાં ચી, સંભળાવી જાહેર કર્યો.

મુકામ : ભાણવડ.
તારીખ: ૦૬/૦૫/૨૦૨૩.
ગુજ. સ્ટેનો એ.કે.ત્રિવેદી.

**(સી.એચ.માંડલિયા)**
જયુડી.મેજી.ફર્સ્ટ કલાસ, ભાણવડ.
કોડ નં.જી.જે.૦૧૬૮૮